Saturday
26.09.2026
✳Volume :11 ✳ Issue No.84
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-



ભાવનગરના વિકાસને નવી ગતિ મળી: કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા



રૂ.૬૫૦ કરોડના બ્રિજથી ભાવનગરની કનેક્ટિવિટીને નવી ગતિ મળશેઃ કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ભાવનગરને રૂ.૭૩૮.૦૯ કરોડના વિકાસકાર્યોની ભેટ

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂ.૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત કલેક્ટર કચેરીનું લોકાર્પણ







### વિકાસ સાથે સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને છેવાડાના માનવીની સુખાકારીને રાજ્ય સરકારની પ્રાથમિકતાઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવા અને જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ચાલી રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગર શહેર-જિલ્લાને રૂ.૭૩૮.૦૯ કરોડના ૭૯ વિકાસકાર્યોની ભેટ આપી હતી. મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિને નવી દિશા આપી છે. જનસેવાને કેન્દ્રમાં રાખીને છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓના લાભ પહોંચે અને સામાન્ય નાગરિકનું જીવન વધુ સુવિધાયુક્ત બને તે દિશામાં સરકાર સતત કાર્યરત છે. મુખ્યમંત્રીશ્રીએ ભાવનગરની સ્વચ્છતાની પ્રશંસા કરતાં જણાવ્યું કે સ્વચ્છતા માત્ર સરકાર કે સફાઈ કર્મચારીઓની જવાબદારી નથી પરંતુ દરેક નાગરિકની સહભાગિતાથી જ સ્વચ્છ શહેરનું નિર્માણ થઈ શકે છે. ભાવનગરના નાગરિકોએ સ્વચ્છતાને પોતાના સ્વભાવ અને સંસ્કારનો હિસ્સો બનાવ્યો છે તે આનંદની બાબત છે. વિકાસની સાથે ભાવિ પેઢી માટે પાણી અને પર્યાવરણનું સંરક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં મુખ્યમંત્રીશ્રીએ 'કેચ ધ રેઈન' જેવી પહેલોને જનભાગીદારીથી આગળ ધપાવવાની હાકલ કરી હતી. વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ અને ભૂગર્ભજળના રિચાર્જ માટે આયોજનબદ્ધ પ્રયાસો કરવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને આગળ ધપાવતા જણાવ્યું કે આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને પર્યાવરણનું જતન કરીને જ વિકાસને ટકાઉ બનાવી શકાય. 'એક પેડ મા કે નામ' જેવી પહેલો સાથે જોડાઈ પર્યાવરણ સંરક્ષણમાં નાગરિકોની ભાગીદારી વધારવા તેમણે આહ્વાન કર્યું હતું. વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ આયુષ્માન ભારત સહિતની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો સામાન્ય માનવી સુધી પહોંચ્યા હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સરકારની યોજનાઓનો લાભ કોઈ પાત્ર વ્યક્તિથી વંચિત ન રહે તે માટે સેવા સંકલ્પ અભિયાન દરમિયાન જનભાગીદારીથી પ્રયાસો કરવા જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ ભાવનગરના વિકાસમાં ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને થઈ રહેલા વિવિધ આયોજનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે વિકાસ માત્ર આજની જરૂરિયાતો પૂરતો સીમિત ન રહે પરંતુ આવતીકાલની પેઢીને પણ વધુ સુવિધાસભર અને સમૃદ્ધ ભાવનગર મળે તે દિશામાં સરકાર કાર્યરત છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ અભિયાનને જનભાગીદારીનું અભિયાન બનાવી વિકસિત ભારતના સંકલ્પ સાથે વિકસિત ગુજરાત અને વિકસિત ભાવનગરના નિર્માણમાં સહભાગી બનવા સૌને આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નાગરિક દેવો ભવઃ અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે જનસેવાને વધુ સુલભ બનાવવામાં આવી રહી છે. નવી કલેક્ટર કચેરી આધુનિક સુવિધાઓ સાથે નાગરિકોને ઝડપી સેવાઓ પૂરી પાડશે. તેમણે જણાવ્યું કે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે ભાવનગર માટે ગેમ ચેન્જર બની રહ્યો છે. ભાવનગરમાં શરૂ થયેલું SIPPA કેન્દ્ર યુવાનોને GPSC-UPSC ની તૈયારી માટે નવી તકો આપશે, જ્યારે નારી ખાતે STPI માટે જમીન ફાળવણીથી IT ક્ષેત્રે રોજગારીની તકો વધશે. રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ જિલ્લામાં ૧૦ હજારથી વધુ લોકોનું એસેસમેન્ટ અને ૧૪ જેટલા કેમ્પો યોજાયા છે. વૃદ્ધજનો અને દિવ્યાંગોને સહાયક સાધનો નિઃશુલ્ક આપવામાં આવી રહ્યાં છે.

ભાવનગરના વિકાસને વેગ આપવા બદલ તેમણે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ભાવનગરના સર્વાંગી વિકાસને સતત વેગ મળી રહ્યો છે. આજે રૂ.૭૩૮ કરોડના ૭૯ વિકાસકાર્યો જનતાને અર્પણ થઈ રહ્યા છે. આજે નવી કલેક્ટર કચેરીનું લોકાર્પણ પણ થયું છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ભાવનગરની કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બનાવવા રૂ.૬૫૦ કરોડના મહત્વપૂર્ણ બ્રિજ પ્રોજેક્ટને મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટથી શહેરના ટ્રાફિકનું ભારણ ઘટશે અને રાજકોટ, સોમનાથ, ધોલેરા સહિતના વિસ્તારો સાથેની અવરજવર વધુ સરળ બનશે. અલંગ, ઉદ્યોગ અને ધોલેરા જેવા વિકાસક્ષેત્રોને મળતા વેગથી ભાવનગરમાં આગામી સમયમાં રોજગાર અને રોકાણની નવી તકો ઊભી થશે.



કમલમ્,
આનંદચૌદસ નિમિત્તે પારડી તાલુકા ના સુખેશ, મોટા વાઘછીપા, અને પંચલાઈ ગામમાં ગુજરાત સરકાર ના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ એ ગણપતિ મંડળો ની મુલાકાત કરી દર્શન કરી આરતી માં ભાગ લીધો હતો. આ પ્રસંગે કપરાડા વિધાનસભા ના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સાથે પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, વલસાડ જિલ્લા કારોબારી ચેરમેન પ્રજ્ઞેશભાઈ, ભાજપ પૂર્વપ્રમુખ મહેશભાઈ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન, મહામન્ત્રી જીગ્નેશભાઈ, એસ.ટી. મોરચા પ્રમુખ રાજેન્દ્રભાઈ, તાલુકા સદસ્ય અજય પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે ગુજરાતી મનોરંજન જગતમાં મેઘના સંઘાણીની દમદાર એન્ટ્રી

## અભિનય, ડાન્સ અને આકર્ષક સ્ક્રીન પ્રેઝન્સ સાથે નવરાત્રિમાં જોવા મળશે મેઘનાનો નવો અંદાજ



કમલમ્,અમદાવાદ
ગુજરાતી મનોરંજન જગતમાં પોતાની આગવી ઓળખ બનાવવા તરફ આગળ વધી રહેલી અભિનેત્રી અને ડાન્સર મેઘના સંઘાણી આ નવરાત્રિએ નવા ગુજરાતી ગરબા સોંગ 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે દર્શકો સમક્ષ એક ભવ્ય અને આકર્ષક અંદાજમાં આવી રહી છે. પિક્સેલ પોપ મીડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલું અને સારેગામાના પ્લેટફોર્મ પર રજૂ થયેલું 'ઘેરદાર ઘમ્મરિયા' મેઘનાની કલાત્મક સફરનું એક મહત્વપૂર્ણ પગલું છે. ગીતમાં તેનો અભિનય, ડાન્સ, અભિવ્યક્તિ અને સ્ક્રીન પ્રેઝન્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બને છે. પરંપરાગત ગરબાની ઊર્જાને આધુનિક સંગીત અને ભવ્ય વિઝ્યુઅલ્સ સાથે રજૂ કરતા આ ગીતમાં મેઘના એક અલગ જ અંદાજમાં જોવા મળે છે. તેના પરંપરાગત ગુજરાતી લુકથી લઈને ઊર્જાસભર ગરબા અને અભિવ્યક્તિ સુધી, ગીતને એવી રીતે રજૂ કરવામાં આવ્યું છે કે જેમાં ગુજરાતી સંસ્કૃતિની ઝલક સાથે આજની નવી પેઢીને આકર્ષે તેવી આધુનિકતા પણ જોવા મળે છે. પોતાની આ નવી સફર અંગે મેઘના સંઘાણીએ જણાવ્યું હતું કે, "'ઘેરદાર ઘમ્મરિયા' મારા માટે માત્ર એક ગીત નથી, પરંતુ મારા જીવનની એક નવી શરૂઆત છે. ડાન્સ અને અભિનય હંમેશાંથી મારા દિલની ખૂબ નજીક રહ્યાં છે અને હવે તેને મોટા સ્તરે દર્શકો સમક્ષ રજૂ કરવાની તક મળી છે. હું ઈચ્છું છું કે લોકો આ ગીત દ્વારા માત્ર 'ઘેરદાર ઘમ્મરિયા'ને જ નહીં, પરંતુ એક કલાકાર તરીકે મને પણ ઓળખે અને મારા કામ સાથે જોડાય." મેઘનાએ વધુમાં જણાવ્યું હતું કે, "નવરાત્રિ અને ગરબા સાથે દરેક ગુજરાતીનું એક ખાસ ભાવનાત્મક જોડાણ હોય છે. એટલે મારી આ નવી સફરની શરૂઆત ગરબા સાથે થઈ રહી છે તે મારા માટે ખૂબ જ ખાસ છે. પ્રિન્સ ગુપ્તા સાથે કામ કરવાનો અનુભવ અદભૂત રહ્યો. જ્હાનવી શ્રીમાંકરનો અવાજ, કેદાર-ભાર્ગવનું સંગીત અને પાર્થ તારપરાના શબ્દોએ આ ગીતને જે ઊર્જા આપી છે, તેને સ્ક્રીન પર જીવંત કરવાની તક મળવી મારા માટે યાદગાર અનુભવ રહ્યો છે." પિક્સેલ પોપ મીડિયાના ડિરેક્ટર અક્ષય સિંગે જણાવ્યું હતું કે, "'ઘેરદાર ઘમ્મરિયા'ને એક ભવ્ય અને યાદગાર ગરબા સોંગ તરીકે રજૂ કરવાનો અમારો પ્રયાસ રહ્યો છે. મેઘનાએ પોતાના અભિનય, નૃત્ય અને અભિવ્યક્તિ દ્વારા ગીતની ઊર્જાને ખૂબ જ સુંદર રીતે સ્ક્રીન પર રજૂ કરી છે. ખાસ કરીને તેની સ્વાભાવિક સ્ક્રીન પ્રેઝન્સ અને ગરબાની ઊર્જા સાથેનું તેનું જોડાણ ગીતના વિઝ્યુઅલ્સને વધુ અસરકારક બનાવે છે. સમગ્ર ટીમના સુંદર પ્રયાસથી તૈયાર થયેલું 'ઘેરદાર ઘમ્મરિયા' આ નવરાત્રિએ દર્શકો અને ગરબાપ્રેમીઓ સાથે એક ખાસ જોડાણ બનાવશે તેવી અમને આશા છે."આ ગીતને જાણીતા કોરિયોગ્રાફર પ્રિન્સ ગુપ્તાનું ડાયરેક્શન અને કોરિયોગ્રાફી મળ્યાં છે, જ્યારે જાણીતી ગાયિકા જ્હાનવી શ્રીમાંકરે ગીતને પોતાનો અવાજ આપ્યો છે. કેદાર-ભાર્ગવે સંગીત આપ્યું છે અને પાર્થ તારપરાએ ગીતના શબ્દો લખ્યા છે. સમગ્ર ટીમના સર્જનાત્મક પ્રયાસને મેઘનાએ પોતાના ડાન્સ અને અભિનય દ્વારા સ્ક્રીન પર જીવંત કર્યો છે. 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે મેઘના સંઘાણી પોતાની કલાત્મક સફરના નવા અધ્યાયની શરૂઆત કરી રહી છે. નવરાત્રિના રંગ, ગુજરાતી સંસ્કૃતિ અને આધુનિક મ્યુઝિક-વિઝ્યુઅલ્સના સંગમ સાથે તૈયાર થયેલું આ ગીત મેઘનાને અભિનેત્રી અને ડાન્સર તરીકે દર્શકો સમક્ષ રજૂ કરે છે.

# 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નવનિર્મિત વાડજ ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કર્યું

## અંદાજિત ૧૨૭.૯૨ કરોડના ખર્ચે નિર્મિત ફોર-લેન બ્રિજ થકી શહેરીજનોના સમય અને ઇંધણ બચવા સાથે સુગમ અને ઝડપી વાહનવ્યવહારની સુવિધા પ્રાપ્ત થશે







કમલમ્,
રાજ્યભરમાં ઉજવાઈ રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વાડજ જંકશન પર ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ કરાવ્યું હતું. શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા આ લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા પશ્ચિમ ઝોનમાં અંદાજિત ?૧૨૭.૯૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા અને લોકાર્પિત થયેલા ફોર લેન (2×2) ફ્લાયઓવર બ્રિજથી વાડજ જંકશન પરના ટ્રાફિકનું ભારણ ઘટશે અને નાગરિકોનો સમય તથા ઈંધણ બચશે. આ બ્રિજના નિર્માણથી વાહનચાલકોને સુગમ અને ઝડપી વાહનવ્યવહારની સુવિધા પ્રાપ્ત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના નાગરિકોની સુખાકારી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, સ્વચ્છતા, માનવ સંસાધન સહિતની વિવિધ નાગરિકલક્ષી સુવિધાઓને નવી ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિવિધ પ્રજાલક્ષી અને જનભાગીદારીના કાર્યક્રમોના આયોજન થકી આ વિકાસકામોનો સીધો લાભ અમદાવાદના નાગરિકોને ઝડપથી મળી રહે એ માટે આયોજન કરવામાં આવ્યું છે. વાડજ ખાતે ફોર-લેન ફ્લાયઓવર બ્રિજના લોકાર્પણ પ્રસંગે શહેરના મેયર શ્રી હિતેશભાઈ બારોટ, ધારાસભ્ય સર્વે શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન, ડેપ્યુટી મેયર શ્રી અંજુબેન શાહ, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો, સ્થાનિક કાઉન્સિલરો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે વૈશ્વિક અર્થતંત્ર સાથે ભારતના વિસ્તરતા જોડાણ અને ગ્લોબલ વેલ્યુ ચેઈન તથા સપ્લાય ચેઈનમાં તેની ભાગીદારી મજબૂત કરવાના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો હતો. નવી દિલ્હી ખાતે ૧૩મા PAFI વાર્ષિક ફોરમ ૨૦૨૬ માં લીડરશીપ ડાયલોગને સંબોધતા શ્રી ગોયલે જણાવ્યું હતું કે ભારત $30 ટ્રિલિયનની અર્થવ્યવસ્થા તરીકે વિકસવાની અપેક્ષા ધરાવતી અર્થવ્યવસ્થાની સ્થિતિમાંથી વેપાર અને આર્થિક ભાગીદારીની વાટાઘાટો કરી રહ્યું છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે ભારત આજે ઈ ૪ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા તરીકે વિશ્વ સાથે વાટાઘાટો કરે છે, જ્યારે પર્ચેસિંગ પાવર પેરીટી (ખરીદ શક્તિ ક્ષમતા) ના આધારે તેની અર્થવ્યવસ્થા આશરે $20 ટ્રિલિયન છે, જે તેને વિશ્વમાં ત્રીજી સૌથી મોટી બનાવે છે. તેમણે કહ્યું કે જેમ જેમ ભારત $30 ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બનવાના વિઝન તરફ આગળ વધશે તેમ આ માપદંડો વચ્ચેનું અંતર ઘટશે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વેપાર વાટાઘાટો પ્રત્યેનો ભારતનો અભિગમ દેશની બદલાતી આર્થિક સ્થિતિ અને વૈશ્વિક બજારો સાથે સંક્લન મજબૂત કરવાના તેના ઉદ્દેશ્યને દર્શાવે છે. તેમણે વસ્તુઓ, સેવાઓ, પ્રવાસીઓ, શૈક્ષણિકસંસ્થાઓ અનેરમતગમતના અવિરત પ્રવાહને સુગમ બનાવવા માટે વ્યાપક આર્થિક ભાગીદારીની ક્ષમતા પર ભાર મૂક્યો હતો. શ્રી ગોયલે જણાવ્યું હતું કે ચાલી રહેલી વાટાઘાટોમાં કેનેડા, ચિલી, પેરુ, સધર્ન આફ્રિકન કસ્ટમ્સ યુનિયન (SACU), મેક્સિકો, માલદીવ્સ, યુરેશિયા, મધ્ય એશિયા, રશિયા, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) અને ઈઝરાયેલ સાથેના જોડાણનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ જોડાણનો ઉદ્દેશ્ય ભારત માટે ગ્લોબલ વેલ્યુ ચેઈન અને સપ્લાય ચેઈનમાં ભાગ લેવાની તકોનો વિસ્તાર કરવાનો અને વસ્તુઓ તથા સેવાઓની અવરજવરને સુગમ બનાવવાનો છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં ભારતનો સેમિકન્ડક્ટર વપરાશનો વપરાશ વધારાનો દર વાર્ષિક ઈ૧૫૦ બિલિયનથી વધુ થવાની અપેક્ષા છે. તેમણે લાર્જ લેંગ્વેજ મોડેલ્સ અને એજન્ટિક મોડેલ્સ સહિત સમગ્ર AI ઈકોસિસ્ટમમાં ક્ષમતાઓ વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે જ્યારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા શરૂ કરવામાં આવ્યું ત્યારે દેશમાં આશરે ૪૦૦–૫૦૦ સ્ટાર્ટઅપ્સ હતા, જ્યારે ત્યારથી ભારત ૧૨૦ થી વધુ યુનિકોર્ન સાથે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે હવે ધ્યાન નવીનતા અને ડીપ-ટેકઈકોસિસ્ટમમાં ભારતીય સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા પર છે. તેમણે ખાનગી ક્ષેત્ર દ્વારા અવકાશમાં રોકેટ લોન્ચ કરનાર ભારત ત્રીજો દેશ તરીકે ઉભરી આવ્યો હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભારતની યુવા વસ્તી વૈશ્વિકવિકાસ અને તકો વિશે વધુને વધુ માહિતગાર થઈ રહી છે અને તેમણે યુવાનોની તેમના ભવિષ્ય વિશે માહિતગાર નિર્ણયો લેવાની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગર ખાતે શ્રમ-રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં નવા શ્રમ કાયદાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### ઉદ્યોગો અને શ્રમિકો વચ્ચેનો પરસ્પર વિશ્વાસ તેમજ સહયોગ જ રાજ્યના ઔદ્યોગિક વિકાસનો પાયોઃ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા



કમલમ્,

રાજ્યમાં ઉદ્યોગોના સાતત્યપૂર્ણ વિકાસ તથા શ્રમિકોના સર્વાંગી કલ્યાણને સુનિશ્ચિત કરવા માટે નવા શ્રમ કાયદાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ હતું કે, વર્ષો જૂના જટિલ કાયદાઓને સંકલિત કરી તૈયાર કરાયેલા ચાર નવા શ્રમ કાયદાઓ ઉદ્યોગપતિઓ અને શ્રમયોગીઓ બંને માટે હિતકારી સાબિત થશે. નવા શ્રમ કાયદાઓ ઉદ્યોગ અને શ્રમિક બંનેના હિતનું સંતુલન જાળવી રાજ્ય સહિત સમગ્ર દેશના વિકાસને નવી ઊંચાઈ આપશે. ઉદ્યોગો અને શ્રમિકો વચ્ચેનો પરસ્પર વિશ્વાસ તેમજ સહયોગ જ રાજ્યના ઔદ્યોગિક વિકાસનો પાયો છે. આજના આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવા શ્રમ કાયદાઓ–લેબર કોડ્સ અંગે જાગૃતિ લાવવાનો છે. તેમણે ઉમેર્યું કે, કોઈપણ ઉદ્યોગની સફળતા પાછળ શ્રમિકોનો પરિશ્રમ અને પરસેવો મહત્વનો હોય છે. જ્યારે કોઈ ઉદ્યોગપતિ શૂન્યમાંથી સર્જન કરીને આગળ વધે છે, ત્યારે માનવીય દ્રષ્ટિએ શ્રમિકોને પણ પોતાના પરિવારના સભ્ય સમજીને તેમને સહયોગ કરવો જોઈએ. જો ઉદ્યોગપતિઓ શ્રમિકોને પોતાના ગણીને તેમની સલામતી અને આરોગ્યની ચિંતા કરે, તો સ્વાભાવિક રીતે શ્રમિકો પણ સંસ્થાને પોતાની ગણીને પૂરી નિષ્ઠાથી કામ કરશે. આ બંને પક્ષો વચ્ચેનો પરસ્પર સહયોગ જ ઉદ્યોગને નવી ઊંચાઈએ લઈ જાય છે. મંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા અમલી કરવામાં આવેલા નવા શ્રમ કાયદાઓમાં શ્રમિકોની સલામતી, કાર્યસ્થળે યોગ્ય વાતાવરણ, પીવાનું શુદ્ધ પાણી, વેતન અને સામાજિક સુરક્ષા જેવી બાબતોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ તમામ જોગવાઈઓ એવી રીતે બનાવવામાં આવી છે કે જેમાં શ્રમિકોનું કલ્યાણ સુનિશ્ચિત થાય અને સાથે સાથે ઉદ્યોગોના સરળ સંચાલનમાં પણ કોઈ અડચણ ન આવે. શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ અને શ્રમિકો એક સિક્કાની બે બાજુ છે, જેથી બંનેના સહયોગથી જ રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ મળી શકે છે.

ઉદ્યોગોની પ્રગતિ સાથે શ્રમિકોના હિતોનું પણ સમાન રીતે જતન થાય તેવો સકારાત્મક અને સંતુલિત અભિગમ અપનાવવો જરૂરી છે. આ ઉપરાંત પરસ્પર સંવાદ, સમજણ અને સહકારથી આગળ વધવામાં આવે તો ઔદ્યોગિકશાંતિ જળવાઈ રહેવાની સાથે શ્રમિકોના હિતોનું રક્ષણ થશે અને રાજ્યના સર્વાંગી ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર સચિવ શ્રી લોચન સહેરાએ જણાવ્યું હતુંકે, જૂના ૨૯ જેટલા કાયદાઓને સંકલિત કરીને ચાર નવા લેબર કોડ્સ તૈયાર કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય હેતુ કમ્પ્લાયન્સ અને નાના ગુનાઓમાં ફોજદારી જોગવાઈઓ દૂર કરી સમાધાનકારી પ્રક્રિયા અપનાવવા પર છે. ગુજરાત ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ રાજ્ય હોવાથી શ્રમ વિભાગ અને ઉદ્યોગ જગત વચ્ચે પારસ્પરિક સંકલન રહે તે અત્યંત જરૂરી છે.

આ સમગ્ર પ્રક્રિયાને પારદર્શક અને ઝડપી બનાવવા માટે તમામ સેવાઓ તથા પ્રક્રિયાઓ આગામી સમયમાં સંપૂર્ણપણે ઓનલાઈન પોર્ટલ પર લઈ જવામાં આવી રહી છે, જેથી પારદર્શિતા અને સુગમતા વધશે. સચિવશ્રીએ કહ્યું હતું કે, ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકોની સલામતી એક ગંભીર બાબત છે; રાજ્યમાં થતા જીવલેણ અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે ઉદ્યોગોએ પ્રો-એક્ટિવ બનીને સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન કરવું અનિવાર્ય છે. વધુમાં, શ્રમિકોના કૌશલ્ય વિકાસ માટે રાજ્ય સરકારે 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' શરૂ કર્યું છે, જેમાં તાલીમનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે. કેન્દ્ર સરકારની 'પીએમ-સેતુ' યોજના હેઠળ આઈટીઆઈને કરોડો રૂપિયાના ખર્ચે આધુનિક બનાવવા માટે ઉદ્યોગો સાથે સહયોગ સાધવામાં આવી રહ્યો છે. આમ, સલામતી, સ્કિલિંગ અને પારસ્પરિક સહયોગ થકી શ્રમિક તથા ઉદ્યોગ બંનેના હિતનું રક્ષણ થાય તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

આ પ્રસંગે ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિયામક શ્રી પી.એમ. શાહ, અધિક લેબર કમિશનર શ્રી એમ.સી.કારિયા સહિત શ્રમ આયુક્ત કચેરીના અધિકારી–કર્મચારીઓ તેમજ ઈન્ડસ્ટ્રી એસોશિએશનના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાખીના સુવર્ણ ઈતિહાસના શિલ્પીઓ માટે પોલીસ ભવન ખાતે 'સેલ્યુટ અવર મેન્ટર્સ' સન્માન સમારોહ યોજાયો

### રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે 'વી સેલ્યુટ અવર મેન્ટોર્સ' કાર્યક્રમમાં વરિષ્ઠ અધિકારીઓનું ઋણ સ્વીકાર્યુંઃ પ્રોબેશન સમયગાળાના અનુભવોને સફળતાનો આધાર ગણાવ્યો



### પોતાનુ સંપૂર્ણ જીવન સમર્પિત કરી ગુજરાત પોલીસના ગૌરવમાં વધારો કરનાર ૩૦થી વધુ ડીજીપી અને એડીજીપી રેન્કના નિવૃત્ત પોલીસ અધિકારીશ્રીઓનું પુસ્તક આપી સન્માન કરાયું

કમલમ્,

ગુજરાત પોલીસે પોતાની પરંપરાને જાળવી રાખતા ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે 'સેલ્યુટ અવર મેન્ટર્સ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું હતું. રાજ્યના પૂર્વ પોલીસ વડા શ્રી વિકાસ સહાય દ્વારા બે વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલી આ અનોખી પહેલ અંતર્ગત પોતાના કર્મયોગથી ગુજરાત પોલીસના સુવર્ણ ઈતિહાસની પાયાની ઈંટો મૂકી છેઅને ખાખી વર્દીની ગરિમાને વૈશ્વિક સ્તરે ઉજ્જ્વળ બનાવી છે, તેવા નિવૃત્ત DGP અને ADGP રેન્કના અધિકારીઓનું ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું. જે પોલીસ અધિકારીશ્રીઓએ પોતાનુ સંપૂર્ણ જીવન ગુજરાત પોલીસ સેવામાં સમર્પિત કરી ગુજરાત પોલીસનો સુવર્ણ ઈતિહાસ ઘડ્યો છે તેમજ અનેક નવીન પરિવર્તનો લાવીને ગુજરાત પોલીસના ગૌરવમાં વધારો કર્યો છે, તેવા નિવૃત્ત ડીજીપી અને એડીજીપી સહિતની રેન્કના પોલીસ અધિકારીશ્રીઓને એક મંચ પર એકત્રિત કરી તમામ અધિકારીશ્રીઓનું આજે આદરપૂર્વક સન્માન કરવામાં આવ્યું હતું. ડીજીપી અને એડીજીપી જેવા ઉચ્ચ પદ પરથી નિવૃત્ત થયેલા ૩૦થી વધુ અધિકારીશ્રીઓ અને તેમના પરિવારો આ સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર પોલીસ ભવન ખાતે આયોજિત 'વી સેલ્યુટ અવર મેન્ટોર્સ'(We Salute Our Mentors) કાર્યક્રમમાં ગુરુ તેવા સૌ નિવૃત્ત સિનિયર અધિકારીશ્રીઓને સંબોધતા રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું હતું કે, વરિષ્ઠ માર્ગદર્શકોને વંદન અને તેમના સન્માનના ઉદ્દેશ્ય સાથે આ અનોખા કાર્યક્રમની શરૂઆત શ્રી વિકાસ સહાય દ્વારા કરવામાં આવી હતી. કોઈપણ પોલીસ અધિકારીની સમગ્ર કારકિર્દીમાં પ્રોબેશન અને તાલીમનો ગાળો પાયારૂપ હોય છે; તે સમયે મેન્ટર્સ પાસેથી મળેલી શીખ અને સંસ્કારો જ અધિકારીની આગળની તમામ સફળતાનું ચાલકબળ બને છે. સાબરકાંઠાના હિંમતનગર ખાતેના પોતાના પ્રોબેશન સમયગાળાનો ઉલ્લેખ કરતા શ્રી મલિકે વરિષ્ઠ અધિકારી શ્રી પ્રિયદર્શી અને શ્રી પી. બી. ગોંડિયાના યોગદાનને વિશેષ રૂપે બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું કે ફિલ્ડ તાલીમ દરમિયાન નિયમિત અંગ્રેજીમાં વીકલી ડાયરી લખવાનો આગ્રહ, રાત્રિ રાઉન્ડ, ગેરહાજર કર્મચારીઓના જાતે નિવેદનો લેવા તેમજ લોકફરિયાદોનું સંવેદનશીલ નિવારણ કરવા જેવી પદ્ધતિઓ તેમને આ મેન્ટોર્સ પાસેથી શીખવા મળી હતી. આ ઉપરાંત, જૂનાગઢ ખાતે ટ્યુનિક યુનિફોર્મ અને તત્કાલીન આઈજી શ્રી ગુરદયાલ સિંહની ઈન્સ્પેક્શન પરેડથી શિસ્ત અને લાઈન તપાસનું મહત્વ સમજાયું હતું, જ્યારે પ્રાંતિજ ખાતે એએસપી તરીકે પોલીસ સ્ટેશન સંચાલન અને પંચાયત ચૂંટણી દરમિયાન ચૂંટણી વ્યવસ્થાપનની મહત્વપૂર્ણ તાલીમ મળી હતી. પોરબંદર ખાતે શ્રી પ્રિયદર્શી સરના ઈન્સ્પેક્શન વખતે ક્ષતિરહિત પરેડ આપીને તેમની પ્રશંસા મેળવ્યાની યાદ પણ તેમણે તાજી કરી હતી. પોતાના સંબોધનના અંતે શ્રી મલિકે પૂર્વ પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ સહિત ઉપસ્થિત તમામ વરિષ્ઠ નિવૃત્ત અધિકારીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે કરિયરના પ્રારંભે આદરણીય માર્ગદર્શકો પાસેથી મળેલું વ્યવહારુ જ્ઞાન, કાર્યપદ્ધતિ અને શિસ્ત આજે કારકિર્દીના અંતિમ તબક્કે પણ એટલાં જ માર્ગદર્શક અને ઉપયોગી સાબિત થઈ રહ્યાં છે. ગુજરાત પોલીસ હંમેશાં પોતાના મેન્ટોર્સના અમૂલ્ય માર્ગદર્શન અને વારસાનું ઋણી રહેશે. આ સમારોહમાં અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહેલોતે જણાવ્યું કે, પોલીસના સર્વિસ રેકોર્ડમાં પોસ્ટિંગ અને પ્રમોશન જેવી બાબતો નોંધાય છે, પરંતુ તેઓ રાત્રે મોડા ઘરે પહોંચે છે, બાળકો જાગે તે પહેલાં ફરી ફરજ પર પહોંચી જાય છે, તહેવારોમાં રસ્તા પર ઊભા રહીને પ્રજાની સુરક્ષા કરે છે કે સામાજિક પ્રસંગો છોડવા પડે છે-આ ત્યાગ અને સંઘર્ષ ક્યારેય રેકોર્ડમાં નથી લખાતો. ત્યારે પોલીસ અધિકારીઓની સતત થતી બદલીઓ અને પડકારો વચ્ચે તેમના પરિવારજનો અને પત્નીએ જે સાથ આપ્યો, ઘર સંભાળ્યું અને ત્યાગ કર્યો, તેની તેમણે ખાસ પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું કે પોલીસ વ્યવસ્થા કાયદા-કાનૂન કે પ્રક્રિયાઓની સાથે સાથે વરિષ્ઠ અધિકારીઓના અનુભવો, પરંપરા અને શિસ્ત દ્વારા ચાલે છે. સાથે જ તેમણે જણાવ્યું કે વરિષ્ઠ અધિકારીઓએ વિવિધ કટોકટી, કાયદો-વ્યવસ્થા કે બંદોબસ્ત દરમિયાન જે નિર્ણયો લીધા અને શીખ આપી, તે અનુભવો આજે પણ નવી પેઢીના અધિકારીઓ સાથે શેર કરવામાં આવે છે અને સમગ્ર ગુજરાત પોલીસ હંમેશાં પોતાના મેન્ટોર્સની ઋણી રહેશે. નિવૃત્ત ડીજીપી શ્રી પી. સી. પાંડે, શ્રી એસ.એસ.ખાંડવાવાલા, શ્રી સતિષ શર્મા, શ્રી મીરા રામનિવાસ, નિવૃત્ત એડીજીપી શ્રી આર. પી. પ્રિયદર્શી, શ્રી વિજયસિંહ ગુમાન, શ્રી જે. એસ. બિન્દ્રા સહિતના નિવૃત્ત અધિકારીશ્રીઓએ આ પ્રકારના વિશેષ કાર્યક્રમના આયોજનની પ્રશંસા કરી અને પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું કે આ પ્રકારનું આયોજન કદાચ એકમાત્ર ગુજરાત રાજ્યમાં થતું હશે અને તે ખરેખર પ્રશંસનીય છે. આ કાર્યક્રમમાં નિવૃત ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ શ્રી પી. સી. પાન્ડે, શ્રી એસ.એસ. ખંડાવાલા, શ્રી પ્રમોદ કુમાર, શ્રી આશિષ ભાટિયા, શ્રી શિવાનંદ ઝા અને શ્રી વિકાસ સહાય સહિત અનેક નિવૃત્ત પોલીસ અધિકારીશ્રીઓ ઉપરાંત વર્તમાનમાં ફરજરત ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

એકાત્મ માનવદર્શન અને અંત્યોદયના વિચારના પ્રણેતા તથા ભાજપા કાર્યકર્તાઓના પ્રેરણાસ્ત્રોત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જયંતિ નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ જિલ્લાના કાસીન્દ્રા ખાતે તેમની છબીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે તેમણે ઉપસ્થિત કાર્યકર્તાઓ સાથે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના વિચારો અને અંત્યોદયના સંકલ્પ અંગે આત્મીય સંવાદ કર્યો હતો.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ જિલ્લાના કાસીન્દ્રા ખાતે ભગવાન શ્રી વિશ્વકર્માજીના મંદિરે દર્શન અને પૂજન કરી સૌ નાગરિકોની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપા અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ દાવડા અને ધારાસભ્ય શ્રી બાબુભાઈ પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગાંધીનગરમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાઈ ભવ્ય 'મેગા બાઈક રેલી'

### ૫૦૦થી વધુ બાઇકર્સે આપ્યો માર્ગ સુરક્ષાનો મજબૂત સંદેશ



કમલમ્,

રાજ્ય સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નાગરિકોમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયમો પ્રત્યે વ્યાપક જાગૃતિ કેળવવાના ઉમદા હેતુથી આજે ગાંધીનગર ખાતે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે એક 'મેગા બાઈક રેલી'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા બાઈક રેલીને સવારે ૯:૦૦ કલાકે સેક્ટર-૧૭ સ્થિત હેલિપેડ ગ્રાઉન્ડ ખાતેથી ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતિષ પટેલ, ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમશેટ્ટી તથા સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચના પોલીસ અધિક્ષક શ્રી સાહિત્ય વી. સહિતના મહાનુભાવો દ્વારા લીલી ઝંડી દર્શાવીને ઉત્સાહભેર પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રેલીના પ્રસ્થાન પૂર્વે ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને નાગરિકોએ માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અંગેના સામૂહિક સંકલ્પ લીધા હતા. આ રેલી હેલિપેડ ગ્રાઉન્ડથી પ્રારંભ થઈને શહેરના મુખ્ય માર્ગો જેવા કે ચ-૦ સર્કલ, રક્ષાશક્તિ સર્કલ, રિલાયન્સ ચોકડી અને ઈન્ફોસિટી સહિત ૧૫ થી ૨૦ કિલોમીટરના નિર્ધારિત વિસ્તારમાં પરિભ્રમણ કરી હતી. રેલી દરમિયાન સમગ્ર ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતી અને જનજાગૃતિનો મજબૂત સંદેશ ગૂંજી ઊઠ્યો હતો. કાર્યક્રમ અંગે વિગતો આપતા ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતિષ પટેલે જણાવ્યું હતું કે, આ વિશિષ્ટ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય વાહનચાલકોમાં હેલ્મેટ અને સીટબેલ્ટનો અનિવાર્ય ઉપયોગ, નિયત ગતિમર્યાદાનું પાલન, ડ્રાઈવિંગ વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો તથા રોંગ સાઈડ ડ્રાઈવિંગ ટાળવા જેવા અતિ મહત્વપૂર્ણ ટ્રાફિક નિયમો પ્રત્યે વ્યાપક જનજાગૃતિ લાવવાનો છે. શિસ્ત અને સુરક્ષાનો ઉત્કૃષ્ટ સંદેશ આપતી આ રેલીમાં ૫૦૦થી વધુ રાઈડર્સે પૂર્ણ ઉત્સાહ અને શિસ્તબદ્ધ રીતે ભાગ લીધો હતો. ગાંધીનગર પોલીસ વિભાગ, ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડ્સ, SRP જવાનો, વન વિભાગ, ફાયર બ્રિગેડ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને યુવાનોએ જોડાઈને નાગરિકો સમક્ષ સુરક્ષિત ડ્રાઈવિંગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રેલીના પ્રસ્થાન સમયે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના જોઈન્ટ કમિશનર શ્રી પી. બી. મંગુડા, માર્ગ અને મકાન વિભાગના ખાસ ફરજપરના અધિકારી શ્રી હેમંત સુથાર તથા ગાંધીનગર RTO શ્રી કનકસિંહ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

સુમુલ ડેરી વ્યવસ્થાપક સમિતિ ના ચેરમેન શ્રી કાન્તિભાઈ ગામીત અને વાઇસ ચેરમેનશ્રી ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવી.







કમલમ્,

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને જાહેરસેવામાં અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજથી સમગ્ર દેશમાં ' આંગણ મિલન' કાર્યક્રમનો શુભારંભ થયો છે ત્યારે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભાત ગામની આંગણવાડીની મુલાકાત લીધી હતી. આ અવસરે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આશા બહેનો અને બાળકો સાથે આત્મીય સંવાદ કર્યો હતો તેમજ ભૂલકાંઓને નોટબુક વિતરણ અને ફળદાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ અંતર્ગત ૨૫ સપ્ટેમ્બર થી ૩ ઓક્ટોબર દરમિયાન રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓમાં કાર્યરત આશા બહેનો અને હેલ્પર બહેનોને સન્માનિત કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવશે તેમજ આંગણવાડીના બાળકોને ફળ અને વિવિધ કીટનું વિતરણ કરવામાં આવશે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ને આપી રૂ. ૫૮૪ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ

**નવનિર્મિત આવાસોના ડ્રો તેમજ ૪૫૦થી વધુ નવનિયુક્ત સહાયક ટેકનિકલ સુપરવાઇઝર અને ૫૦ જેટલાં જુનિયર કલાર્કને નિમણૂક પત્રો એનાયત કરાયાં**



**-: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલઃ-**

- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિના કેન્દ્રમાં હંમેશાં સામાન્ય માનવી રહ્યો છે.
- ફાઇનાન્શિયલ મેનેજમેન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે.
- રાજ્ય સરકારના વિભાગોમાં મહત્ત્વનાં તમામ પદો પર સમયસર નિમણૂક થાય તે માટે સરકાર સતત કાર્યરત છે.
- નવનિયુક્ત કર્મચારીઓ પ્રામાણિકતા, સ્વચ્છતા પ્રત્યે સભાનતા અને ટેકનોલોજીના ઉત્તમ ઉપયોગ સાથે પ્રજાસેવાનો સંકલ્પ લેજો.





રૂ. ૨૭૯.૮૦ કરોડનાં ૬ કામોનું લોકાર્પણ અને રૂ. ૩૦૪.૦૫ કરોડનાં ૬ કામોનું ખાતમુહૂર્ત

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સુશાસન અને સમર્પણનાં ૨૫ ગૌરવવંતાં વર્ષપુર્ણ થવા અવસરે આયોજિત 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરને કુલ રૂ. ૫૮૩.૮૫ કરોડનાં વિવિધ વિકાસકાર્યોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તની ભેટ આપી હતી. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં નવનિર્મિત આવાસોના ડ્રો અને ૪૫૦થી વધુ નવનિયુક્ત સહાયક ટેકનિકલ સુપરવાઈઝર તથા ૫૦ જેટલાં જુનિયર ક્લાર્કને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌ નવનિયુકત કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્રસેવા, જનકલ્યાણ અને સમર્પણનાં ૨૫ વર્ષ આગામી ૭ ઑક્ટોબરે પૂર્ણ થઈ રહ્યાં છે. તેના ભાગરૂપે સમગ્ર દેશમાં 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' ઉજવાઈ રહ્યું છે. આ તમામ વર્ષોમાં તેમણે સ્થાપેલી વિકાસની રાજનીતિના કેન્દ્રમાં હંમેશાં સામાન્ય માનવી રહ્યો છે. સરકારના વડા તરીકે સતત જનસેવામાં કાર્યરત રહેવાનો અનોખો વિક્રમ શ્રી નરેન્દ્રભાઈએ પ્રસ્થાપિત કર્યો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અમદાવાદમાં કાંકરિયા તળાવનો કાયાકલ્પ અને વર્લ્ડ કલાસ સાબરમતી રિવરફ્રન્ટ તેમના વિઝનનું પ્રતીક છે. આ માટે ત્યાં રહેતાં ઝૂંપડપટ્ટીવાસીઓને અન્યત્ર પાકાં મકાનો આપવાનો નિર્ણય તેમની મક્કમ રાજકીય ઈચ્છાશક્તિ દર્શાવે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલું સ્વચ્છતા અભિયાન આજે જન ઝૂંબેશ બની ગયું છે. તે જ રીતે, આયુષ્માન યોજનાથી સામાન્ય પરિવારને પણ મોંઘી સારવારના આર્થિક બોજ અને બીમારીની સારવાર માટેના મોટા ખર્ચથી મુક્તિ મળી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન સાકાર કરવા માટે ગુજરાત ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવ્યું છે. તેની પાછળ શ્રી નરેન્દ્રભાઈની દૃઢ ઈચ્છાશક્તિ અને વિઝનરી નેતૃત્વ રહ્યું છે. નીતિ આયોગના અહેવાલ મુજબ, ફાઈનાન્શિયલ મેનેજમેન્ટમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોચના સ્થાને છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્યના વિવિધ વિભાગોમાં મહત્ત્વનાં તમામ પદો પર સમયસર નિમણૂક થાય તે માટે સરકાર સતત કાર્યરત છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાના ઈતિહાસમાં સર્વાધિક ૪૫૦થી વધુ કર્મચારીઓને એક જ દિવસે નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે તમામ નવનિયુક્ત કર્મચારીઓને પ્રામાણિકતાની શીખ આપી હતી. સાથે જ, સ્વચ્છતા પ્રત્યે સભાનતા અને ટેકનોલોજીના ઉત્તમ ઉપયોગથી પ્રજાજનોની સેવાના સંકલ્પ સાથે સંપૂર્ણ નિષ્ઠા અને ગુણવત્તાયુક્ત કામગીરીનું આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સૌ નાગરિકોને હકારાત્મક અભિગમ સાથે વડાપ્રધાનશ્રીના 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા અનુરોધ કર્યો હતો. અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટે સૌને આવકારી, અમ્યુકો માટે આજના દિવસને આનંદ અને ગૌરવનો દિવસ ગણાવ્યો હતો. તમામ નવનિયુક્ત કર્મચારીઓને અમદાવાદ શહેરની સેવાના યજ્ઞમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાની પારદર્શક નીતિઓના પરિણામે સૌને પોતાની મહેનતનું યોગ્ય ફળ મળી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરને અનેકવિધ વિકાસકીય લાભો મળ્યા છે. શહેરના સર્વાંગી વિકાસ માટે તેમણે મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત આયોજિત વિવિધ કાર્યક્રમો દ્વારા શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, સ્વચ્છતા, માનવ સંસાધન અને નાગરિકલક્ષી સુવિધાઓ સાથે સંકળાયેલી કામગીરીને વધુ ગતિ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ વિકાસલક્ષી કામગીરીનો સીધો લાભ અમદાવાદ શહેરના નાગરિકોને મળી રહે તે દિશામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સતત કાર્યરત છે. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, સાંસદ હસમુખભાઈ પટેલ તેમજ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યો સર્વે જીતુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, કૌશિકભાઈ જૈન, અમિતભાઈ ઠાકર, ડૉ. હસમુખભાઈ પટેલ, અમૂલભાઈ ભટ્ટ તેમજ દિનેશસિંહ કુશવાહ, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, શહેર અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ તથા અધિકારીઓ-પદાધિકારીઓ અને નિમણૂક મેળવનારા કર્મચારીઓ તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત અમદાવાદના દસક્રોઈ તાલુકાના ભાત ગામે કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે શ્રી વિશ્વકર્માએ સરકારની વિવિધ જનહિતલક્ષી યોજનાઓથી લાભાર્થીઓના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનોના અનુભવો જાણ્યા હતાં.

# દાંતા-અંબાજી માર્ગ પર 'અંબિકા સેવા કેમ્પ' બન્યો આસ્થા અને સેવાનો ત્રિવેણી સંગમ: હરિવાવ ખાતે ૨૪ કલાક અવિરત સેવા કેમ્પ

**સાણંદના ગોધાવી ગામના માઇભક્તોનો અનોખો ભાવ: ૯ વર્ષથી પદયાત્રીઓમાં મા અંબાનું સ્વરૂપ નિહાળી અપાતી નિઃસ્વાર્થ સેવા**



**પગમાં છાલા છતાં મુખ પર સ્મિતઃ યાત્રિકોના આશીર્વાદ જ અમારા સેવા યજ્ઞની ખરી ઊર્જાઃ- આયોજક શ્રી પ્રદીપસિંહ વાઘેલા**

**દાંતા - હરિવાવના અંબિકા કેમ્પમાં રોજના ૭૦ થી ૮૦ હજાર ભક્તો માટે રજવાડી આતિથ્ય ઉપલબ્ધ**

કમલમ્, પાલનપુર

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મહામેળો સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. શ્રદ્ધા, આસ્થા અને ભક્તિના ઘોડાપૂરમાં લાખો માઈભક્તો 'બોલ માડી અંબે, જય જય અંબે'ના ગગનભેદી નારા સાથે માંના દર્શન કાજે અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. રસ્તાઓ પર પદયાત્રીઓનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે, ત્યારે દાંતા-અંબાજી માર્ગ પર આવેલા હરિવાવ ખાતે 'અંબિકા સેવા કેમ્પ' ભક્તિ અને માનવસેવાની અનોખી સુવાસ ફેલાવી રહ્યો છે. સેંકડો કિલોમીટરનું અંતર કાપીને થાકેલા-પગપાળા આવતા માઈભક્તો માટે આ કેમ્પ માત્ર એક ભોજન કે આરામ સ્થળ નથી, પરંતુ મા અંબાના વાત્સલ્ય અને સંવેદનાનો એક હૂંફાળો વિસામો બની રહ્યો છે. મૂળ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગોધાવી ગામના સેવાભાવી માઈભક્તો દ્વારા આયોજિત આ સેવા કેમ્પ છેલ્લા નવ વર્ષથી (વર્ષ ૨૦૧૭ થી) અવિરતપણે સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી રહ્યો છે. કેમ્પના આયોજક પ્રદીપસિંહ વાઘેલા અને તેમના ૫૦૦ થી ૬૦૦ જેટલા સમર્પિત સ્વયંસેવકો દિવસ-રાત ચોવીસે કલાક પોતાની સેવા આપી રહ્યા છે, જેમાં દરરોજ ૧૦૦ જેટલા કાર્યકરો સતત ફરજ પર હાજર રહે છે. સેવામાં લીન આ સ્વયંસેવકો પોતાના ઘર-પરિવારની ચિંતા છોડીને દરેક યાત્રિકમાં સાક્ષાત્ જગતજનની અંબાનું સ્વરૂપ નિહાળે છે. મુખ પર અખૂટ સ્મિત અને હાથમાં ભાવભરી સેવા લઈને ઊભેલા યુવાનોની આ નિષ્ઠા ભક્તિની સાચી પરિભાષા રજૂ કરે છે. આ સેવા કેમ્પમાં દરરોજ અંદાજે ૭૦,૦૦૦થી ૮૦,૦૦૦ જેટલા પદયાત્રીઓની જઠરાગ્નિ ઠારવામાં આવે છે. અહીં ભક્તો માટે પ્રેમપૂર્વક પીરસાતી પ્રખ્યાત રજવાડી ખીચડી, રજવાડી ચા, કોફી, પૌષ્ટિક નાસ્તો અને ઠંડા મિનરલ વૉટરની ૨૪ કલાક અવિરત વ્યવસ્થા છે; તેમજ રાત્રે ૧૦ વાગ્યા પછી ગરમાગરમ ગાંઠિયા અને ચા પીરસવામાં આવે છે. કેમ્પની વિશેષતા એ છે કે અહીં આતિથ્ય સત્કારની સાથોસાથ પદયાત્રીઓની સુરક્ષાનું પણ પૂરતું ધ્યાન રખાયું છે. યાત્રિકો નિર્ભય અને શાંતિથી આરામ કરી શકે તે માટે સમગ્ર કેમ્પ પરિસરમાં સીસીટીવી કેમેરા અને ફાયર સેફ્ટીની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે.

આ કેમ્પના આયોજક પ્રદીપસિંહ વાઘેલા જણાવે છે કે, "જ્યારે પગમાં પડેલા છાલા છતાં મુખ પર સ્મિત લઈને આવતા પદયાત્રીઓની અમે સેવા કરીએ છીએ, ત્યારે સાક્ષાત્ મા અંબા અમારી સમક્ષ ઊભાં હોવાનો આધ્યાત્મિક અહેસાસ થાય છે." યાત્રિકોની આંખોમાં છલકાતી કૃતજ્ઞતા અને તેમના મુખમાંથી નીકળતા આશીર્વાદ જ સમગ્ર ટીમની સાચી ઊર્જા છે. મા જગદંબાના ચરણોમાં પ્રાર્થના કરતા તમામ સેવકો એક જ ભાવ વ્યક્ત કરે છે કે, મા હરહંમેશ સાથે રહે અને પદયાત્રીઓના ચરણકમળની આવી નિઃસ્વાર્થ સેવા કરવાનો અવસર જીવનભર આપતી રહે.

# "સેવા સંકલ્પ અભિયાન : સેવા મેરા યોગદાન" અંતર્ગત નવસારીમાં માર્ગ સલામતી બાઈક રેલી યોજાઈ

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સહિત મહાનુભાવોએ બાઇક રેલીમાં જોડાઈ માર્ગ સલામતીનો સંદેશો આપ્યો**



"સુરક્ષિત સફર–સુરક્ષિત જીવન"ના સંદેશ સાથે યોજાઈ માર્ગ સલામતી રેલી

**આશરે ૨૦૦ બાઈક સવારો સાથે નગરજનોએ લીધો માર્ગ સલામતીના નિયમોના પાલનનો સંકલ્પ**

કમલમ્, નવસારી

"સેવા સંકલ્પ અભિયાનના ભાગરૂપે સેવા મેરા યોગદાન થીમ પર નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ, આરટીઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કેળવવાના હેતુથી નવસારી શહેરમાં માર્ગ સલામતી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સહિત જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, આરટીઓ, મહાનગરપાલિકા, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહભેર જોડાયા હતા. માર્ગ સલામતી બાઈક રેલીને મંત્રીશ્રી નરેશભાઈ પટેલ તથા ઉપસ્થિત મહાનુભાવોએ સર્કિટ હાઉસ નવસારી ખાતેથી પ્રસ્થાન કરાવી હતી. રેલીમાં આશરે ૨૦૦ જેટલા બાઈક સવારો જોડાયા હતા. રેલી દરમિયાન માર્ગ સલામતીના નિયમોનું પાલન, હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ, ટ્રાફિક નિયમોનું પાલન, જવાબદારીપૂર્વક વાહન ચલાવવું તેમજ અન્ય વાહનચાલકો અને રાહદારીઓની સલામતી જાળવવા અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નિરાલીબેન નાયક, ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, મહાનગરપાલિકાના મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા, જિલ્લા ક્લેક્ટરશ્રી મનીષ ગુરવાની, મ્યુનિસિપલ કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ,, આર.ટી.ઓ. અધિકારી આકાશ પટેલ તેમજ અન્ય મહાનુભાવો, પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. રેલીના પ્રારંભ પ્રસંગે મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અંગે ઉપસ્થિત સૌને શપથ લેવડાવ્યા હતા. સૌએ વાહન ચલાવતી વખતે ટ્રાફિક નિયમોનું પાલન કરવા, હેલ્મેટનો ઉપયોગ કરવા તથા માર્ગ સલામતી અંગે અન્ય લોકોને પણ જાગૃત કરવા સંકલ્પબદ્ધતા વ્યક્ત કરી હતી. સર્કિટ હાઉસથી પ્રસ્થાન કરેલી બાઈક રેલી ઈટાળવા ત્રણ રસ્તા, છાપરા ચાર રસ્તા, ઉસ્માની સર્કલ, સિંધી કેમ્પ સહિતના માર્ગો પરથી પસાર થઈ લુન્સીકુઈ ખાતે પહોંચી સમાપ્ત થઈ હતી. સમગ્ર માર્ગ પર નગરજનોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. રેલીમાં પોલીસ અધિકારી-કર્મચારીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના કાર્યકરોની સક્રિય ભાગીદારી રહી હતી. જનજાગૃતિ રેલીને નગરજનોનો વ્યાપક પ્રતિસાદ મેળવ્યો હતો. માર્ગ અકસ્માતો અટકાવવા માટે દરેક નાગરિકે પોતાની જવાબદારી સમજીને ટ્રાફિક નિયમોનું પાલન કરવું, દ્વિચક્રી વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું, વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો અને ઝડપ મર્યાદાનું પાલન કરવું જરૂરી છે. આ બાઈક રેલી દ્વારા પણ નાગરિકોને 'માર્ગ સલામતી—સૌની જવાબદારી''નો સંદેશ આપવામાં આવ્યો હતો.

# NSS દિવસની અનોખી ઉજવણી

**જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્ટેશનરી કિટ, લોકોને ભોજન તથા શાળામાં સ્વચ્છતા અભિયાન**



કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન શ્રી સી. જે. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (BCA), વિસનગરના NSS વિભાગ દ્વારા NSS દિવસની અનોખી અને સેવાભાવી રીતે ઉજવણી કરવામાં આવી હતી. NSS સ્વયંસેવકો દ્વારા આ પ્રસંગે વિવિધ સેવાકીય અને જનજાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત સરકારી શાળામાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્ટેશનરી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિનો હેતુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવી તેમના શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. આ ઉપરાંત, વિસનગર શહેરમાં જરૂરિયાતમંદ લોકોને ભોજનની થાળીનું વિતરણ કરવામાં આવ્યું હતું. NSS સ્વયંસેવકોએ માનવસેવા અને સમાજ પ્રત્યેની જવાબદારીના ભાવ સાથે જરૂરિયાતમંદ લોકોની સેવા કરી હતી. કાર્યક્રમના ભાગરૂપે સરકારી શાળામાં સ્વચ્છતા અભિયાન પણ યોજવામાં આવ્યું હતું. NSS સ્વયંસેવકોએ શાળા પરિસરની સફાઈ કરી તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વ્યક્તિગત સ્વચ્છતા, હાથ ધોવાની ટેવ, કચરાનો યોગ્ય નિકાલ અને સ્વચ્છ શાળા-પરિસરનું મહત્વ સમજાવી સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી હતી. આ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા NSS સ્વયંસેવકોએ "સેવા, સ્વચ્છતા અને સામાજિક જવાબદારી''નો સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો અને NSS દિવસની ઉજવણીને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ સાથે જોડીને સાર્થક બનાવી હતી. આ પ્રસંગે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખશ્રી પ્રકાશ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી તથા રજિસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી એ NSS સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલી સેવાકીય અને સ્વચ્છતા પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને વિદ્યાર્થીઓને સમાજસેવાના કાર્યોમાં સતત જોડાતા રહેવા પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. તુલસીદાસ નાકરાણી એ પણ NSS સ્વયંસેવકોના સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું અને સમાજના જરૂરિયાતમંદ વર્ગ માટે આવી પ્રવૃત્તિઓ સતત કરતા રહેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં NSS ના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને "સેવા પરમો ધર્મઃ''ના ભાવને સાર્થક કર્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028